# મે. નવસારીના બીજા અધિક સિનિયર સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મું. નવસારી.

## :: આંક–૦૧ લગત હુકમ ::

(૧) હાલની દરખાસ્ત રે.દિ.મુ.નં. ૧૫૩/૨૦૦૮ ના વાદી બાઈ ડોસીબાઈ આદરજી કોટવાલ પારસી ઓર્ફનેજ, નવસારીના ટ્રસ્ટી તરીકે યઝદી જહાંગીરજી કાસદનાઓએ પ્રતિવાદી ટ્રાન્સવાલ કોળી હિતવર્ધક મંડળ તથા દાવાના તમામ પ્રતિવાદીઓ વિરૂધ્ધ દાવાના કામે નિ. ૩/૩ થી રજૂ દાવાના કામે થયેલ આંક–૧૪૫ વાળા હુકમનામાંની અમલ–બજવણી કરાવવા સારૂ દાખલ કરેલ છે.

(૨) ઉપરોકત આંક–૧૪૫ વાળા હુકમનામાંથી પ્રતિવાદીઓ તેમજ તેઓના ટ્રસ્ટીઓ, ટ્રાન્સફરીઓ, એસાઈનીઝ, એજન્ટસ વિગેરેનાઓને વાદીની માલિકીની વાદગ્રસ્ત દાવાવાળી જમીનમાં સ્થળ–હદની સાથે ચર્તુદિશા સહિતની કાર્યવાહી તથા તે આધારે નકશા, પ્લાન અંગેની કાર્યવાહી કરવા સામે વાદીને હરકત કે અવરોધ નહીં કરવા તેમજ તેમના કબજા–ભોગવટામાં અવરોધ, અટકાયત નહીં કરવા તેમજ તેમાં કોઈપણ પ્રકારનું બાંધકામ કે ફેરફાર નહીં કરવા કાયમી મનાઈ હુકમથી આદેશ આપવામાં આવેલ છે.

(૩) આ કામે દરખાસ્ત સામાવાળાઓને નોટીસની બજવણી થતાં પ્રતિવાદી નં.૪ નાઓ વકીલશ્રી મારફતે હાજર થયેલા અને તેઓએ આંક–૧૭ થી લેખિતમાં રજૂઆત કરેલ છે કે, આ કામે થયેલ દાવાના હુકમ તથા હુકમનામાં વિરૂધ્ધ નવસારીના માન. પ્રિન્સિપાલ ડિસ્ટ્રીકટ જજ સાહેબની કોર્ટમાં અપીલ નં. ૩૧/૨૦૧૯ થી દાખલ થયેલ છે અને જે હાલમાં પેન્ડીંગ છે. જેથી હાલની અરજી દફતરે કરવા તેઓએ વિનંતી ગુજારેલ છે.

(૪) દરખાસ્તદારે આંક–૨૪ થી પ્રતિવાદી નં.૪ નાઓએ રજૂ કરેલ અરજીનો લેખિત જવાબ રજૂ કરેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, હાલની દરખાસ્ત જે હુકમનામાંની અમલ–બજવણી કરવા માટે કરવામાં આવેલ છે તેની વિરૂધ્ધ નામ. ડિસ્ટ્રીકટ કોર્ટમાં રેગ્યુલર સિવિલ અપીલ નં. ૩૧/૨૦૧૯ દાખલ કરવામાં આવેલ છે, પરંતુ તે અપીલના કામે હાલની દરખાસ્ત સ્ટે કરવાનો કોઈ હુકમ કરવામાં આવેલ નથી અને આ કામના સામાવાળાઓ મૂળ હુકમનામાંનો ભંગ કરીને વાદગ્રસ્ત જમીન ઉપર ગેરકાયદેસર રીતે બાંધકામ કરી રહેલ છે. વિશેષમાં તેઓએ રજૂઆત કરેલ છે કે, કોઈ હુકમનામાં સામે અપીલ ચાલુ હોય અને તેની સામે સ્ટે ન હોય તો તે હુકમનામાંની અમલ–બજવણી અટકી શકે નહીં. તેના સમર્થનમાં તેમણે નીચે મુજબના ચુકાદા રજૂ કરેલ છે.

(૧) એ.આઈ.આર. ૨૦૦૧ એસ.સી. ૨૭૯, રતનસિંહ વિ. વિજયસિંહ.

ઉપરોકત કિસ્સામાં એવું પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, જો અપીલના કામે સ્ટે આપવામાં આવેલ ન હોય તો હુકમનામાંની અમલ–બજવણી અટકી શકે નહીં.

(૨) ૨૦૦૭ સુપ્રિમ (દિલ્લી) ૧૨૮૯ ડેકર ઈન્ડીયા પ્રા.લી. વિ. નેશનલ બિલ્ડીંગ કન્સ્ટ્રકશન.

જેમાં ઠરાવવામાં આવેલ છે કે, અપીલનું કામ પડતર હોય તો દરખાસ્ત આપમેળે મોકુફ થઈ જતી નથી.

(૫) ઉપરોકત કરેલ ચર્ચા તેમજ રેકર્ડ ધ્યાને લેતાં, આ કામે મૂળ હુકમનામાં વિરૂધ્ધ અપીલ દાખલ થયેલ છે પરંતુ અપીલના કામે દરખાસ્ત સ્ટે કરેલ હોય તેવું તલસ્પર્શી રીતે જણાઈ આવતું નથી. આ સંજોગોમાં સદર હુકમનામાંની અમલ–બજવણી મોકુફ રાખી શકાય નહીં.

(૬) સદર દરખાસ્ત આથી મંજૂર કરવામાં આવે છે.

(૭) આથી પ્રિન્સિપાલ સિનિયર સિવિલ કોર્ટ, નવસારીના અધિકૃત કોઈપણ બેલીફશ્રીને આદેશ આપવામાં આવે છે કે, તેઓએ સદર હુકમનામાંની અમલ–બજવણી વાદીને સાથે રાખીને કરાવવાની રહેશે.

(૮) બેલીફશ્રીએ જરૂર જણાય તો પોલીસ પ્રોટેકશન મેળવવું.

(૯) બેલીફશ્રીની કામગીરી અંગેનું મહેનતાણું તથા પોલીસ પ્રોટેકશનનો જરૂરી ખર્ચ વાદીએ ભોગવવાનો રહેશે.

(૧૦) બેલીફશ્રીએ સદર હુકમનામાંની અમલ–બજવણી કર્યા અંગેનો રીપોર્ટ સત્વરે અત્રેની કોર્ટમાં રજૂ કરવો.

(૧૧) સદર હુકમનું પાલન કરાવવા સારૂ મૂળ દરખાસ્તની નકલ, હુકમનામાંની નકલ તથા આ કામે થયેલ હુકમની કોર્ટના સહિ–સિકકાવાળી નકલ રજીસ્ટ્રારશ્રી, પ્રિન્સિપાલ સિનિયર સિવિલ કોર્ટ, નવસારીનાઓને મોકલવી.

(૧૨) રજીસ્ટ્રારશ્રી, પ્રિન્સિપાલ સિનિયર સિવિલ કોર્ટ, નવસારીનાઓએ સદર હુકમનું ચુસ્તપણે પાલન કરાવવું.

(૧૩) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તા. ૧૮મી માહે : માર્ચ, સને : ૨૦૨૬ ના રોજ નવસારી મુકામે ખુલ્લી અદાલતમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૮/૦૩/૨૦૨૬
નવસારી.

**(એ. સી. મલેક)**
બીજા અધિક સિનિયર સિવિલ જજ,
નવસારી. જીજે.૦૧૧૩૧